# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/145 Dt. 19/09/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા જીએસટી ૨.૦માં કરાયેલા સુધારા અંગે માર્ગદર્શન સત્ર યોજાયું

### જીએસટી ૨.૦માં કરાયેલા સુધારાઓથી ગ્રાહકોને સીધો ભાવ ઘટાડાનો લાભ મળશે, આરોગ્ય અને વીમા ક્ષેત્રમાં મોટો બોજ ઉતરશે, નાના વેપારીઓને કાગળના કામમાંથી રાહત મળશે, જો કે, ટેક્ષ્ટાઇલ – ફૂટવેર ઉદ્યોગ અને સેસ આઇટીસી અંગે હજી સ્પષ્ટતા આવવાની બાકી છે : ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિષ્ણાંતો

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'જીએસટી ૨.૦' સંબંધિત સુધારા અંગે માર્ગદર્શન સત્ર યોજાયું હતું, જેમાં એન.જે. જૈન એન્ડ એસોસિએટ્સના મેનેજિંગ પાર્ટનર સીએ નિતેશ જૈન, કંધાર મહેતા એન્ડ શાહના પાર્ટનર સીએ રશ્મિન વાજા, અને પુનિત પ્રજાપતિ એન્ડ કંપનીના ફાઉન્ડર સીએ પુનિત પ્રજાપતિએ જીએસટી ૨.૦ હેઠળ કરાયેલા સુધારાઓથી ગ્રાહકો, વ્યવસાયિકો અને ઉદ્યોગોને થનારા લાભો વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ભારતીય અર્થતંત્રમાં જીએસટી ૧.૦ એક ઐતિહાસિક સુધારા તરીકે સ્થાન પામ્યો છે. હવે જીએસટી ૨.૦ ના સુધારાઓ ઉદ્યોગોને વધુ પારદર્શકતા, સરળતા અને કાર્યક્ષમતા તરફ દોરી જશે. મોટા ઉદ્યોગોને વૈશ્વિક માર્કેટમાં ટકી રહેવા માટે અને લઘુ ઉદ્યોગોને સ્પર્ધાત્મક થવા માટે આ સુધારા મહત્વપૂર્ણ છે. તેમણે કહયું હતું કે, સુરતના ઉદ્યોગ સાહસિકોને નવી કર

વ્યવસ્થા અંગે યોગ્ય સમજણ મળે અને તેઓ સરળતાથી તેનો અમલ કરી શકે તે હેતુસર આવનારા સમયમાં પણ આવા માર્ગદર્શન સત્રોનું આયોજન કરવામાં આવશે.

સીએ નિતેશ જૈન, સીએ રશ્મિન વાજા અને સીએ પુનિત પ્રજાપતિએ જીએસટીના નવા નિયમો હેઠળના પ્રેક્ટિકલ અમલ તથા ઉદ્યોગોને થનારા લાભોની ચર્ચા કરી હતી. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિષ્ણાંતોએ જણાવ્યું હતું કે, ભારત સરકારે ૨૨ સપ્ટેમ્બર અને ૧લી ઓકટોબર ૨૦૨૫થી અમલમાં આવતા અનેક મહત્વપૂર્ણ જીએસટી સુધારાઓ જાહેર કર્યા છે. આ બદલાવનો સીધો પ્રભાવ સામાન્ય ગ્રાહકો, નાના વેપારીઓ અને ઉદ્યોગો પર પડશે. હવે જીએસટી ફક્ત બે રેટમાં કરવામાં આવ્યું છે. આવશ્યક ચીજવસ્તુઓ પર ૫ ટકા, મોટા ભાગના માલ–સામાન અને સેવાઓ પર ૧૮ ટકા અને લકઝરી ચીજવસ્તુઓ પર ૪૦ ટકા જીએસટી લાગશે. જો કે, જીએસટી ૨.૦ ને કારણે હવે આવશ્યક વસ્તુઓ સસ્તી થશે. કૃષિ અને હસ્તકલા ક્ષેત્રે ટ્રેકટર અને ખાતરના રસાયણો પર પાંચ ટકા જીએસટી દર કરવામાં આવ્યો છે.

વેપારીઓ માટે સ્પષ્ટતા કરતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, વેપારીઓએ જૂના સ્ટોક પર છપાયેલું એમઆરપી બદલવાની ફરજ નથી, પરંતુ રી–લેબલિંગ કરવું પડશે. દર ઘટે તો સીધો લાભ ગ્રાહકોને આપવો પડશે. જીએસટી દરમાં ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવો ફરજિયાત છે. નેશનલ એન્ટી પ્રોફિટીરીંગ ઓથોરિટી બંધ થઇ જીએસટી એપેલેટ ટ્રિબ્યુનલને કેસ ટ્રાન્સફર થશે, કંપનીઓએ લાભ પોતાના સુધી રાખ્યો તો કડક કાર્યવાહી થશે. ઘણી પ્રોડકટસ પરથી કમ્પન્સેશન સેસ હટાવી દેવાયો છે. જૂના સ્ટોક પર ચૂકવેલા સેસના આઇટીસી અંગે હજુ સ્પષ્ટતા બાકી છે.

વેપાર પછી આપેલા ડિસ્કાઉન્ટ પર હવે ડબલ ટેક્ષ લાગશે નહીં. ગ્રાહકને મળેલા ડિસ્કાઉન્ટનો સીધો લાભ મળશે અને વેપારીઓને વધારાનો ભાર નહીં પડે. જીએસટી ૨.૦માં કરાયેલા સુધારાઓથી ગ્રાહકોને સીધો ભાવ ઘટાડાનો લાભ મળશે, આરોગ્ય અને વીમા ક્ષેત્રમાં મોટો બોજ ઉતરશે. નાના વેપારીઓને કાગળના કામમાંથી રાહત મળશે. જો કે, ટેક્ષ્ટાઇલ – ફૂટવેર ઉદ્યોગ અને સેસ આઇટીસી અંગે હજી સ્પષ્ટતા આવવાની બાકી છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિષ્ણાતોએ વધુમાં જણાવ્યું હતું કે, ટેક્ષ્ટાઇલ–ફૂટવેરમાં હજી અનિશ્ચિતતા દેખાઇ રહી છે. સમગ્ર માલ પર જીએસટી ઘટાડો છે, પરંતુ જોબ વર્ક પર ઊંચો ટેક્ષ યથાવત હોવાથી ઇન્વર્ટેડ ડયૂટી સ્ટ્રકચર ઉભું થાય છે. આઇએસડીમાં ઇનપુટ સર્વિસિસ (જોબ વર્ક, લોજિસ્ટીકસ, પેકેજિંગ) પર આઇટીસી રિફંડ મળતું નથી અને આવા કેસોમાં રિફંડ અંગે સરકારની સ્પષ્ટતા બાકી છે. રૂપિયા ૨ કરોડ સુધીની વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપારીઓને રિટર્ન ફાઇલ કરવાની ફરજ નહીં રહે. હવે નવા વેપારીઓને ફકત ૩ દિવસમાં જીએસટી રજિસ્ટ્રેશન મંજૂર થશે. હવે અપિલ તમામ કેસો સિંગલ મેમ્બર બેન્ચ દ્વારા સાંભળવામાં આવશે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો, સીએ પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ સત્રમાં ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના ગૃપ ચેરમેન સીએ હાર્દિક શાહે સત્રની રૂપરેખા આપી હતી. ચેમ્બરની જીએસટી કમિટીના ચેરમેન શ્રી મુકુંદ ચૌહાણે સમગ્ર સત્રનું સંચાલન કર્યું હતું. જ્યારે ચેમ્બરના સભ્ય સીએ શૈલેષ લાખનકીયાએ સત્રમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.